૧. સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય ગાંધીનગરનો ઠરાવ ક્રમાંકઃ જજઅ/૧૦૨૦૧૪/ ૨૦૯૭૬ઃ૨/છ, તા.૨૩/૧૨/૨૦૧૫.
૨. ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટીની ફાઇલ નં. ICPS/GSCPS/ACC/18-19/130 પરની માન.અગ્ર સચિવશ્રી વ ચેરમેનશ્રી GSCPSની તા- ૨૩/૦૪/૨૦૧૮ની મંજુર થયેલ નોંધ.

---

નં.સસુખા/CPD/૨૦૧૮-૧૯/ ૯૭૮ તાઃ- ૩૦/૦૫/૨૦૧૮

# આદેશ

વિષય: ભારત સરકારના સંકલિત બાળ સુરક્ષા યોજના હેઠળ Project Approval Board દ્વારા માન્ય કરાયેલ સંસ્થાઓમાં તદ્દન હંગામી ધોરણે ૧૧ માસના કરાર આધારિત માનવબળના પગારના ચુકવણા બાબત.

વંચાણ-૧થી ભારત સરકારના સંકલિત બાળ સુરક્ષા યોજના હેઠળ Project Approval Board દ્વારા માન્ય કરાયેલ સંસ્થાઓમાં તદ્દન હંગામી ધોરણે ૧૧ માસના કરાર આધારિત માનવબળની ભરતી કરવાની મંજુરી મળતા સમાજ સુરક્ષા ખાતાના સહાયક અનુદાન નિયમસંગ્રહ-૧૯૯૨ હેઠળની Project Approval Board માન્ય બાલકલ્યાણની સ્વૈચ્છિક સંસ્થાઓમાં જિલ્લા કક્ષાએ માન. કલેક્ટરશ્રી, જિલ્લા બાળ સુરક્ષા એકમના ચેરમેન હોવાથી તેઓના અધ્યક્ષ સ્થાને કર્મચારીઓની નિમણુંક અંગે પસંદગી સમિતિની રચના કરી અત્રેની કચેરીના આદેશોથી મંજુર કરેલ જગ્યાઓની એડહોક ધોરણે ૧૧ માસના કરાર આધારિત મહેકમની ભરતી કરવામાં આવેલ છે.

ખાતા હસ્તકની Project Approval Board માન્ય બાળકલ્યાણની સ્વૈચ્છિક સંસ્થાઓની સદર માનવબળના પગાર ખર્ચ એડવાન્સ ચુકવવા બાબતે અને સદર ખર્ચ સંસ્થાઓ ઉપાડી શકે તેમ ન હોવાની રજુઆતોને ધ્યાને લઇને વંચાણ-૨થી મળેલ મંજુરી અન્વયે Project Approval Board માન્ય બાળકલ્યાણની સ્વૈચ્છિક સંસ્થાઓના ફક્ત ૧૧ માસના કરાર આધારિત મહેકમના પગારખર્ચના ચુકવણા કરવા માટે અત્રેથી ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટી, ગાંધીનગરને વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટમાંથી જિલ્લા બાળ સુરક્ષા એકમને વર્ષ-૨૦૧૮-૧૯ (તા-૧/૪/૨૦૧૮) થી ફાળવણી કરવાની રહેશે અને ફાળવેલ ગ્રાન્ટમાંથી નીચેની વિગતે ખર્ચ કરવાનો રહેશે.

૧. ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટી, ગાંધીનગરે ભારત સરકારની સંકલિત બાળ સુરક્ષા યોજના હેઠળ Project Approval Board માન્ય બાળકલ્યાણની સ્વૈચ્છિક સંસ્થાઓને જ પગારખર્ચ માટે જિલ્લા બાળ સુરક્ષા એકમને ગ્રાન્ટ ફાળવવાની રહેશે. અન્ય ખર્ચ માટે ગ્રાન્ટ ફાળવવાની રહેશે નહી.

૨. ઉક્ત ગ્રાન્ટ Project Approval Board માન્ય બાળકલ્યાણની સ્વૈચ્છિક સંસ્થાઓના ૧૧ માસના કરાર આધારિત મહેકમ પરના કર્મચારીઓના પગાર કર્મચારીઓની નિયત ભરતી પ્રકિયા પુર્ણ થયા બાદ ફરજ પર હાજર થયેલ સમયથી અથવા તા-૧/૪/ ૨૦૧૮થી બે માંથી જે ઓછો સમયગાળો હોય તે માટે જ ચુકવવાની રહેશે.

૩. તા-૧/૪/૨૦૧૮ પહેલા ભરતી થયેલ ૧૧ માસના કરાર આધારિત મહેકમ પરના કર્મચારીઓના પગારખર્ચ તા-૧/૪/૨૦૧૮ સુધીની ચુકવણીનો ખર્ચ સંસ્થાઓએ ઉઠાવવાના રહશે અને સંસ્થાઓએ તાત્કાલિક વાર્ષિક અહેવાલો નિયામક સમાજ સુરક્ષા ખાતાને મોકલી આપી નિયામોનુસાર મળવાપાત્ર ગ્રાન્ટ મેળવી લેવાની રહેશે.

૪. વંચાણ-૧ના ઠરાવમાં દર્શાવ્યા મુજબનું જ માસિક વેતન ચુકવવાનું રહેશે. ભારત સરકારની સંકલિત બાળ સુરક્ષા યોજનામાં કોઇ ફેરફાર કે બદલાવ થાય તો તે આપો આપ Project Approval Board માન્ય બાળકલ્યાણની સ્વૈચ્છિક સંસ્થાઓના ૧૧ માસના કરાર આધારિત મહેકમ પરના કર્મચારીઓના નવીન પગાર લાગુ પડશે નહી પરં તું તેની વિગતવાર દરખાસ્ત સરકારશ્રીમાં કરવાની રહેશે અને સરકારશ્રી દ્વારા તેનો સ્વિકાર કર્યા બાદ લાગુ પડશે.

૫. સદર પગાર ખર્ચ ભારત સરકારની માર્ગદર્શિકા મુજબ ૬૦% ભારત સરકારનો ૩૦%, રાજ્ય સરકારનો અને ૧૦% સ્વૈચ્છિક સંસ્થાએ પોતે ભોગવવાનો રહેશે.

૬. ભારત સરકારની સંકલિત બાળ સુરક્ષા યોજના હેઠળ Project Approval Board માન્ય બાળકલ્યાણની સ્વૈચ્છિક સંસ્થાઓના ૧૧ માસના કરાર આધારિત મહેકમ પરના કર્મચારીઓના પગારખર્ચની વિગતો સંસ્થા દ્વારા રજુ કરાતા જિલ્લા બાળ સુરક્ષા એકમે જે બેન્ક એકાઉન્ટમાં નિયામક સમાજ સુરક્ષા ખાતા દ્વારા ગ્રાન્ટ ફાળાવવામાં આવે છે તે જ બેન્ક એકાઉન્ટમાં સ્વૈચ્છિક સંસ્થાઓના બેંકના નામનો એકાઉન્ટ પેઇ ચેક દ્વારા સ્વૈચ્છિક સંસ્થાઓના બેંક ખાતામાં રકમ સીધી જમાં થયા તે રીતે ચુકવણું કરવાનું રહેશે. અને ત્યારબાદ સંસ્થા દ્વારા જે તે કર્મચારીને ચુકવણી કરવાની રહેશે.

૭. સ્વૈચ્છિક સંસ્થાઓના ૧૧ માસના કરાર આધારિત મહેકમ પરના કર્મચારીઓના પગારખર્ચના ૧૦૦% બાળ સુરક્ષા એકમ મારફત ચુકવવામાં આવશે જેમાં સંસ્થાનો ૧૦% ફાળો ગ્રાન્ટ ગણતરી સમયે કુલ મંજુર થયેલ ગ્રાન્ટમાંથી બાદ કરવામાં આવશે.

૮. કર્મચારીઓના પગારમાંથી નિયમ મુજબની રકમનો આવકવેરો/વ્યવસાય વેરો આખરે થતી આવક પર આવકવેરાની ગણતરી કરી વસૂલ કરવાની રકમ વસૂલ લેવાની જવાબદારી પણ સંસ્થાના સંચાલક/માનદ મંત્રીશ્રી/એકાઉન્ટ ઓફીસરશ્રીની રહેશે.

૯. દર માસે નિયત પત્રકમાં જિલ્લા બાળ સુરક્ષા એકમે સંસ્થાઓને પગારખર્ચ માટે ફાળવેલ ગ્રાન્ટના હિસાબો અને સંસ્થાઓએ ખર્ચ પત્રકો હિસાબીશાખા, નિયામક સમાજ સુરક્ષા ખાતાની કચેરી અને ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટીને મોકલી આપવાના રહેશે.

૧૦. સંસ્થાએ પૂરા થતા વર્ષના ઓડિટેડ સ્ટેટમેન્ટ તથા યુટીલાઇઝેશન સર્ટીફીકેટ નિયમોનુસાર સમય મર્યાદામાં મોકલી આપવાના રહશે અને જિલ્લા બાળ સુરક્ષા એકમે પૂરા થતા વર્ષમાં સંસ્થાઓને પગારખર્ચ માટે ફાળવેલ ગ્રાન્ટના હિસાબો રજુ કરવાના રહેશે.

૧૧. સ્વૈચ્છિક સંસ્થાઓના તેમના હિસાબો આ ખાતાનાં તેમજ એ.જી.કચેરીના ઓડિટ સમયે જોવા માંગે ત્યારે બતાવવાના રહેશે.

નિયામક
સમાજ સુરક્ષા ખાતુ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

પ્રતિ,

૧. મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટી, બ્લોક-૧૯/૩, ડો જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
૨. પ્રમુખશ્રી/મંત્રીશ્રી, Project Approval Board માન્ય બાળકલ્યાણની સ્વૈચ્છિક સંસ્થાઓ તમામ
૩. જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની કચેરી, તમામ
૪. જિલ્લા બાળ સુરક્ષા અધિકારી શ્રી, જિલ્લા બાળ સુરક્ષા એકમ , તમામ

નકલ સવિનય રવાના:-

પ્રતિ, અગ્ર સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગરને જાણ સારૂ.

નકલ રવાના:

૧. પ્રોગ્રામ મેનેજરશ્રી (GSCPS), ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટી, ગાંધીનગરને જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.
૨. પ્રોગ્રામ મેનેજર (સારા), ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટી, ગાંધીનગરને જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.
૩. હિસાબી અધિકારીશ્રી, હિસાબી શાખા, વડી કચેરી, ગાંધીનગરને જાણ સારૂ.
૪. આદેશ ફાઇલ.